
ગુજરાતમિત્ર
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬



# એપસ્ટીન ઈન્ડિયા ફાઈલ્સ
## સત્તા, સોદાબાજી અને રહસ્યોનું રાજકારણ

**જેફરી એપસ્ટીનનું નેટવર્ક માત્ર શારીરિક શોષણ માટે નહોતું, પરંતુ તે ભૌગોલિક-રાજકીય ગોઠવણો કરવાનું એક મધ્યસ્થી કેન્દ્ર હતું. પ્રશ્ન એ છે કે રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને ટેક જાયન્ટ્સને એપસ્ટીનની જરૂર કેમ પડતી હતી?**

નોર્વેના ટેર્જે રોડ લાર્સનનું નામ જેફરી એપસ્ટીનની ફાઇલોમાં ચમક્યું અને તેમણે તરત જ રાજીનામું આપી દીધું. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં એપસ્ટીન ફાઇલોના વિસ્ફોટને પગલે વિશ્વના દસ દેશોમાં વરિષ્ઠ રાજકીય અધિકારીઓએ રાજીનામાં આપી દીધાં છે. ભારતમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીનું નામ આ દસ્તાવેજોમાં હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, પરંતુ અહીં રાજીનામાનો કોઈ ઉલ્લેખ નથી. તેમણે પ્રેસ કોન્ફરન્સ કરીને દાવો કર્યો કે તેઓ એપસ્ટીનને માત્ર સત્તાવાર કાર્યક્રમોમાં જ મળ્યા હતા. જો કે, પુરીનું નામ ફાઇલમાં હોવું એ કદાચ સૌથી ઓછી ચોંકાવનારી બાબત છે. રાજકારણમાં તમારે ગમે-તે પ્રકારના લોકોને મળવું તો પડે જ, પત્રકાર તરીકે તમે કોઈ ખુની કે કોઈ દાણચોરને મળતો તો એ તમારા કામનો ભાગ છે, રાજકારણીઓ કે અધિકારીઓને મામલે પણ એવું હોય જ છે કે તેમણે ગમે તે પ્રકારના લોકોને મળવું પડે.

જેફરી એપસ્ટીનનું નેટવર્ક માત્ર શારીરિક શોષણ માટે નહોતું, પરંતુ તે ભૌગોલિક-રાજકીય ગોઠવણો કરવાનું એક મધ્યસ્થી કેન્દ્ર હતું. પ્રશ્ન એ છે કે રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને ટેક જાયન્ટ્સને એપસ્ટીનની જરૂર કેમ પડતી હતી? કનેક્શન્સ વિના રાજકીય ખેલ શક્ય નથી.

એપસ્ટીન ફાઇલ્સમાં અનિલ અંબાણીએ 'સ્વીડિશ યુવતી'ની વ્યવસ્થા કરવા વિશે કરેલી વાતચીત કરતાં પણ વધુ વિસ્ફોટક એ ચેટ્સ છે, જેમાં આંતરરાષ્ટ્રીય રાજનીતિના પ્યાદાં ગોઠવવાની વાત છે. અહીં મામલો સેક્સ સ્કેન્ડલનો નથી, પરંતુ 'સેક્સ્યુઅલ કોમ્પ્રોમેટ' (જાતીય બ્લેકમેઈલ) કેવી રીતે આંતરરાષ્ટ્રીય સોદાબાજીમાં એક મજબૂત 'ચલણ' બની ગયું, તેનો છે. કમનસીબે, ભારતના ભદ્ર વર્ગના લોકો પણ આવા નેટવર્કનો ઉપયોગ બેક-ચેનલ ડિપ્લોમસી માટે કરતા હતા.

આ વાત ખાત નોંધવી કે એપસ્ટીન ફાઇલના દસ્તાવેજો સંસ્થાકીય નિષ્ફળતા અને 'ભૂલભરેલી પસંદગી' પર સવાલ ઉઠાવે છે. આ આક્ષેપો US ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસના જાહેર દસ્તાવેજો અને કોર્ટ રેકોર્ડ્સ પર આધારિત છે, જેનો હેતુ કોઈ વ્યક્તિ પર ગુનાહિત આરોપ મૂકવાનો નહીં પણ પારદર્શિતાની તપાસ કરવાનો છે.

### બેક-ચેનલ ડિપ્લોમસી

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ક્યાં 'ભૌગોલિક-રાજકીય મહેરબાની'ની જરૂર પડી, તે આ ટાઇમલાઇન પરથી સ્પષ્ટ સમજાય છે. માર્ચ ૨૦૧૭માં વડાપ્રધાન મોદીના અમેરિકા પ્રવાસના ત્રણ મહિના પહેલા, અનિલ અંબાણીએ એપસ્ટીન પાસે ટ્રમ્પ પ્રશાસનના કુશનર અને બેનન સાથે તાત્કાલિક મુલાકાત માંગી. અંબાણીના શબ્દો હતા: 'દિલ્હીનું નેતૃત્વ આ ઈચ્છે છે.' મે ૨૦૧૯માં અંબાણી અને એપસ્ટીન ફરી મળ્યા. જે બાદ એપસ્ટીને બેનનને મેસેજ કર્યો કે, 'PM મોદીના માણસ ફરિયાદ કરે છે કે વોશિંગ્ટનમાં કોઈ તેમની સાથે વાત નથી કરી રહ્યું.' સપ્ટેમ્બર ૨૦૧૬માં રાફેલ સોદો થયો અને તેના ગણતરીના મહિનાઓમાં જ અંબાણીની નવી કંપનીને ૨૧,૦૦૦ કરોડના ઓફસેટ કોન્ટ્રાક્ટ મળ્યા. માર્ચ ૨૦૧૭માં અંબાણી પેરિસમાં એપસ્ટીન અને ઇઝરાયેલના પૂર્વ PM એહુદ બરાક સાથે ડિનર કરવાના હતા, પરંતુ છેલ્લી ઘડીએ તે રદ કરીને તેઓ ફ્રાંકોઇસ ઓલાંદ (તત્કાલીન ફ્રેન્ચ રાષ્ટ્રપતિ) ને મળ્યા. બાદમાં ઓલાંદે જ કબૂલ્યું હતું કે રિલાયન્સને ભાગીદાર બનાવવા માટે 'ભારતીય પક્ષ'નો આગ્રહ હતો. આ તરફ જુલાઈ ૨૦૧૭માં મોદીની ઐતિહાસિક ઇઝરાયેલ મુલાકાત બાદ એપસ્ટીને ઈમેઈલમાં શ્રેય લેતા લખ્યું: 'સલાહ માની... પ્લાન સફળ રહ્યો.' આ જ ગાળામાં, હરદીપ સિંહ પુરી (હાલના કેબિનેટ મંત્રી) ૨૦૧૫ થી ૨૦૧૭ વચ્ચે એપસ્ટીનને તેના મેનહટન નિવાસસ્થાને ૩-૪ વાર મળ્યા હતા. આ તમામ મુલાકાતો એપસ્ટીન સેક્સ અપરાધી જાહેર થયા પછી થઈ હતી. જો કે એ મુલાકાતો એપસ્ટીનના સંપર્કોના નેટવર્કનો ઉપયોગ કરવા માટે કરવામાં આવી હોય તેવું હોય.

### કોમ્પ્રોમેટ: વ્યવસાય કે બ્લેકમેઈલ?

આ ફાઇલ્સમાં સૌથી ખતરનાક વળાંક 'સેક્સ્યુઅલ કોમ્પ્રોમેટ' (બ્લેકમેઈલ) વિશે છે. જેને સેક્સ્યુઅલ ગુના માટે સજા થઈ ચૂકી હોય એવો અપરાધી સંરક્ષણને લગતા સોદા, આંતરરાષ્ટ્રીય સત્તાઓ અને બીજી 'સેવા' પુરી પાડતો હોય ત્યારે દિલ્હીના નેતૃત્વ સામે સવાલ થાય તે સ્વાભાવિક છે. વળી જો આ બેઠકો કાયદેસર હતી તો સરકારે મૌન તોડવું જોઈએ.

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

### સર્વાધિકાર કે માત્ર દેખાડો?

૪ જુલાઈ, ૨૦૧૭ના વડાપ્રધાન મોદી પેલેસ્ટાઇનને સાથે જોડ્યા વિના ઇઝરાયેલની સ્વતંત્ર મુલાકાત લેનારા ભારતીય વડાપ્રધાન બન્યા. એપસ્ટીને આનો શ્રેય લેતો એક ઇમેઇલ કર્યો, 'ભારતીય વડા પ્રધાન મોદીએ સલાહ માની અને થોડા અઠવાડિયા પહેલા મળેલા અમેરિકન રાષ્ટ્રપતિના ફાયદા માટે ઇઝરાયેલમાં નાચ્યા અને ગીતો ગાયા. તે કામ કરી ગયું. પ્લાન સફળ રહ્યો.'

અહીં ટાઇમલાઇન નોંધવી જરૂરી છે. જૂન ૨૦૧૭માં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મોદીની પહેલી મુલાકાતના થોડા અઠવાડિયા પછીનો સમય હતો. ભારત તેના બિન-જોડાણવાદી વારસાથી દૂર હટીને અમેરિકા-ઇઝરાયેલ ધરી તરફ વળી રહ્યું હતું. ઇઝરાયેલ પાસેથી સંરક્ષણ ખરીદી આસમાને પહોંચવાની હતી. નેતન્યાહુ ૨૦૧૮માં ભારતની મુલાકાતે આવવાના હતા. આ એક રાષ્ટ્ર તરીકે ભારતે પોતે પસંદ કરેલી બાબતો હતી કે એપસ્ટીનના ઇમેલની માફક આ બધી એક ગોઠવણ માત્ર હતી? એપસ્ટીનના નેટવર્કમાં ઇઝરાયેલના ભૂતપૂર્વ PM એહુદ બરાક હતા, જે એપસ્ટીન અને અંબાણી સાથેના કનેક્શન સહિત ફાઇલોમાં વારંવાર દેખાય છે.

જો વિદેશમંત્રાલયને મતે આ દાવા પાયાવિહોણા છે તો સ્વતંત્ર તપાસ થવા દેવી જોઇએ. સંસદે રાહુલ ગાંધીના પ્રશ્નો કેમ કાઢી નાખ્યા? મુદ્દો એ નથી કે મોદી વ્યક્તિગત રીતે એપસ્ટીનને મળ્યા હતા કે નહીં, આમ પણ તેનો કોઈ પુરાવો નથી. મુદ્દો એ છે કે ભારતની વિદેશ નીતિ એવા નેટવર્કથી પ્રભાવિત હતી જે 'સેક્સ્યુઅલ કોમ્પ્રોમેટ'ને ચલણ તરીકે વાપરતી હતી? એક અપરાધી સાબિત થયેલા માણસની પહોંચ ભારતના વ્યૂહાત્મક નિર્ણયો પર ચાલતી હતી? દાવા ખોટા હોય તો તપાસ થવા દેવી જોઇએ.

### રાજદ્વારી પહોંચ અને 'પ્લોસિબલ ડિનાયબિલિટી'


હરદીપ સિંહ પુરીએ સ્વીકાર્યું છે કે તેઓ એપસ્ટીનને તેના મેનહટનના ઘરે ત્રણ-ચાર વખત મળ્યા હતા. પણ એ મળ્યા તેના આઠેક વર્ષ પહેલાં એપસ્ટીનને સગીરાઓના શોષણ માટે સજા ફટકારાઈ હતી. આવા માણસને મળવું જરૂરી હતું? હરદીપ સિંહ પુરીનું કહેવું છે કે પહેલી વખત ઇન્ટરનેશનલ પીસ ઇન્સ્ટિટ્યૂટના (IPI) તેમના બોસ ટેરિયે રોડ-લાર્સને તેમને 'ભેરવી' દીધા હતા. ઇમેઇલ્સમાં કંઇ બીજું વર્તાય છે. ડિસેમ્બર ૨૦૧૪માં, પુરીએ એપસ્ટીનને લખ્યું હતું: 'તમે તમારા વિદેશી ટાપુ પરથી ક્યારે પાછા આવો છો તે જણાવશો. મારે વાતચીત માટે આવવું છે.' જાન્યુઆરી ૨૦૧૭માં, તેમણે 'મારા પુસ્તકની નકલ આપવા માટે આવવા' બીજી મુલાકાત માંગી. મે ૨૦૧૭માં, તેમણે એપસ્ટીનના ટાઉનહાઉસ પર સવારે ૧૧ વાગ્યે મળવાનું કન્ફર્મ કર્યું. આ કોઈ ઓચિંતી મુલાકાતો નથી. આ વિધિવત એપોઇન્ટમેન્ટ્સ છે.

IPI કનેક્શન તેનું કારણ હોઈ શકે છે. લાર્સનને એપસ્ટીનના વસિયતનામામાં $2 મિલિયન મળ્યા હોવાનું કહેવાય છે, જે એપસ્ટીનના મૃત્યુના બે દિવસ પહેલા સાઇન થયું હતું. આ તરફ ફાઇલો બહાર આવી, ત્યારે લાર્સને નોર્વેમાં રાજીનામું આપ્યું.

...અનુસંધાન પાના નં. 4 પર

### બાય ધી વે

ભારતે હવે માંગ કરવી જોઇએ કે, વિદેશ મંત્રાલયની તમામ બેઠકોના અસંશોધિત રેકોર્ડ્સ જાહેર થાય, સ્વતંત્ર તપાસ સમિતિ રચાય અને એમ.જે. અકબરના ઉદાહરણને અનુસરીને, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત મંત્રી પદ છોડે. સંસદમાં પૂછાયેલા અને કાઢી નાખેલા તમામ પ્રશ્નોને રેકોર્ડ પર પુન:સ્થાપિત કરવામાં આવે. એપસ્ટીન ફાઇલ્સ માત્ર ભૂતકાળના ગુનાઓ નહીં, પણ સત્તાના ગલિયારાઓમાં ફેલાયેલી બ્લેકમેઇલની જાળનો પર્દાફાશ કરે છે. અહીં એપસ્ટીન શું હતો, કોણ હતો તે સવાલ જ નથી, આવા ફિક્સર વિના વૈશ્વિક રાજકારણ ચાલી શકે એ સવાલ અગત્યનો છે. એપસ્ટીન જેવા લોકો જોખમી હોય છે. આ ખેલમાં ડીપ સ્ટેટ કોનસ્પીરસી હોવાની શક્યતા પણ છે. અમેરિકામાં ગ્રે એરિયા બહુ છે, રાજકારણમાં તો ખાસ. એક આડવાત જે અમુક લોકોને રસપ્રદ લાગી શકે છે. હોરરના શોખીનોને ખબર હશે કે શેતાનની પૂજા કરનારાઓ અમુક પ્રકારની પ્રવૃત્તિઓમાં જોડાતા હોય છે. જો કે એપસ્ટીનને મામલે એવા કોઈ પુરાવા નથી જાહેર થયા પણ ધાર્યું કરવા માટે કોઈપણ હદ સુધી જતા લોકો ગુપ્ત સંપ્રદાયો સાથે મળીને મેલી વિદ્યાઓ સાથે સંકળાયેલા હોય તેવું માનવામાં કંઇ ખોટું



# ગુજરાતી ભાષાને પાળવાની છે પાડવાની નથી

**પોરો ખાવો એટલે શું? થાકોડો એટલે શું? ગોધૂલિવેળા એટલે? પ્રહર અને પહોર એટલે શું? શિરામણ, મહેરામણ અને નીંદામણનો તફાવત શું? ઝવેરચંદ મેઘાણીની કથાઓ, કવિ કલાપીનાં કાવ્યો, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં માટે ગુજરાતી શીખવી જ પડે**

**અબીલ ગુલાલ**
**જયવંત પંડ્યા**

૨૧ ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ છે. આપણે ઘરમાં બોલાતી માતૃભાષા કહીએ છીએ, પિતૃભાષા નથી કહેતા. કદાચ, બાળક સૌથી પહેલો શબ્દ બોલતા શીખે છે તે માને સંબંધિત હોય છે. કોઈ કહે- મા, કોઈ કહે- બા, કોઈ કહે- અમ્મા, કોઈ કહે- મમ્મી તો કોઈ કહે મોમ.

બાળકનો સૌથી પહેલો પરિચય જન્મ પછી દુનિયામાં માતાની છાતી સાથે થાય છે અને તે વખતે માતા દ્વારા થતા પ્રત્યાયન સાથે પણ થાય છે. માતાના હોઠ ફફડે છે તેને બાળક ટગર-ટગર જુએ છે અને સાંભળીને શીખવાનો અને સમજવાનો પ્રયત્ન કરે છે. બાળકની માતૃભાષા અનોખી જ હોય છે. તે પાણી નથી કહેતું. ભૂ કહે છે. તે રકાબી નથી કહેતું, તે રબાકી કહે છે. તે નીંદર કે ઊંઘ નથી કહેતું, નીની કહે છે. તે શૌચ કે લેટ્રિન નથી કહેતું, તે છી કહે છે. તે પેશાબ કે યુરિન નથી કહેતું, તે પીપી કહે છે.

શરૂઆતમાં તે એક-એક શબ્દ જ બોલે છે. ધીમેધીમે તેને વાક્યમાં રૂપાંતરિત કરતા શીખે છે. આ એક-એક શબ્દ જ કોઈ પણ ભાષા શીખવા માટેના મહત્ત્વના છે. ભૂઆ (પાણી), નીની, છીઆ રીતે જો ભાષાને શીખવવામાં આવે તો ભાષા જલદી આવડી જાય. પરંતુ આપણે ત્યાં ભાષા શીખવવામાં વ્યાકરણને એટલું મહત્ત્વ આપવામાં આવે છે કે બાળક કંટાળી જાય છે. તેને પ્રત્યય, કર્તા, ક્રિયાપદ, સંજ્ઞા, વિશેષણ, કર્મણિ, કર્તરીની ખબર પડતી નથી.

જોડણીના નિયમો પણ રટાવી દેવાય છે. તેને હાસ્યની સાથે જોડીને કેમ ન સમજાવાય? હું એક સમાચારપત્રમાં પ્રથમ પૃષ્ઠનો તંત્રી હતો ત્યારે મારા સાથી મિત્રોને સમજાવવા રમૂજી ઉદાહરણ આપતો, 'બીમારી'માં બંને બ અને ર દીર્ઘ આવે કારણ કે દરેકને પોતાની 'બીમારી' મોટી જ લાગે. 'પતિ'માં ત હ્રસ્વ ઈ અને 'પત્ની'માં ન દીર્ઘ ઈ સાથે આવે કારણ કે પતિ અને પત્નીમાં પત્નીનું જ ચાલે. જો કર્તા સ્ત્રી કે નાન્યતર જાતિ હોય તો ક્રિયાપદમાં ચાંદલો મૂકી દેવાનો- પછી સીતાજી રાવણ તરફ ભિક્ષા દેવા આગળ વધ્યાં.

સ્વતંત્રતા પછી અને તેમાંય વિશેષ રીતે, ગુજરાત અલગ રાજ્ય થયું તે પછી ગુજરાતી ભાષાનો મહિમા સચવાયો. ગાંધીનગરમાં વિસ્તારોના નામ 'ક', 'ખ' વગેરે પડ્યા. અમદાવાદમાં નરોડા પાટિયા કે સુરેન્દ્રનગરમાં ટાવર ચોક છે, પરંતુ અમદાવાદમાં હવે નવા વિસ્તારોના નામ 'બોપલ ઍપ્રોચ', સરકાર સંચાલિત બીઆરટીએસ અને સ્થળ નિર્દેશક બૉર્ડમાં છે.

ગણિત, વિજ્ઞાનથી લઈને પાઠ્યપુસ્તકોમાં ગુજરાતી ભાષામાં સારો અનુવાદ થયો. પરિણામે, ૧૯૮૦ના દાયકા સુધીની પેઢીને અવયવ, અવયવી, વિભાજીત, અવિભાજીત, પૂર્ણાંક, કલનશાસ્ત્ર, સંકલન, વિધેય, સંમેય પદ, ક્રમચય-સંચય, પ્રમેય, ચતુષ્કોણ, જેવા આગવા અને મૌલિક શબ્દો મળ્યા. વિજ્ઞાનમાં ઘન, પ્રવાહી, વાયુ, ઘનતા, ગુરુત્વાકર્ષણ, તરંગો, પૃષ્ઠતાણ, કેશાકર્ષણ, બાષ્પીભવન, નિસ્યંદન, પૃથક્કરણ, કસનળી, સૂક્ષ્મદર્શક યંત્ર, કોષ, પરમાણુ, અણુ, સંયોજન, આવર્ત કોષ્ટક, પરમાણુ ભાર, ઉચ્ચાલન, કાર્બનિક રસાયણ શાસ્ત્ર, ગતિ, વેગ, પ્રવેગ, બળ, ઊર્જા, વિદ્યુત પરીપથ, વિદ્યુત પ્રવાહ, દ્રવ્ય, ઉષ્મા જેવા શબ્દો મળ્યા.

જો બાળકને ગુજરાતી બોલતા અને વાંચતા નહીં આવડે તો ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધારની એ માનવતા, ખુમારી, વટ, વચન, વાત્સલ્ય, પ્રેમ, ધીંગાણાની વાતો ક્યાંથી સમજાશે? સોળ વર્ષની ચારણકન્યાની વીરતા કેમ કરીને એ સમજશે? શિવાજીને શિવાજી બનાવનાર જીજાબાઈનું હાલરડું નહીં સમજાય. ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલમાં બહેનની લાગણી કે કોણ હલાવે લીમડી કોણ ઝુલાવે પીપળી, ભાઈની બહેની લાડકી, ભઈલો ઝુલાવે ડાળખીમાં ભાઈનો બહેન પ્રત્યે પ્રેમ કેમ કરીને સમજાશે? એ પેલી 'કુછ મીઠા હો જાયે'વાળી ચોકલેટનો પ્રેમ નથી. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'ના શબ્દોના અર્થ વગર ભાવ કેવી રીતે સમજાશે? 'કહે મા, મીઠી લે હવે ભાત આપું'નો કરુણ રસ કે 'નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયાં છે'નો પ્રેમ રસ સ્પર્શશે? 'પછી શામળિયાજી બોલ્યા, તુંને સાંભરે રે? હા જી, નાનપણનો નેહ મુને કેમ વીસરે રે?'તો કેમ કરીને સમજાય કારણકે આમાં મુને અને તુને તો આજે બોલાતું જ નથી.

પોરો ખાવો એટલે શું? થાકોડો એટલે શું? ગોધૂલિવેળા એટલે શું? પ્રહર અને પહોર એટલે શું? શિરામણ, મહેરામણ અને નીંદામણનો તફાવત શું? આજે ભલે ઑનલાઈન યુપીઆઈ પેમેન્ટ કરીએ પરંતુ જો ગુજરાતી ભાષા જાણતા હોઈશું તો 'મારી હુંડી સ્વીકારો મહારાજ રે'માં 'હુંડી'નો અર્થ સમજાશે. અને તે સમયની અર્થવ્યવસ્થા પણ સમજાશે. છડા અને અછબડા વચ્ચેનો તફાવત શું? ગળાનો ચેઈન અને સુખ-ચૈન બંનેમાં ચેઈન-ચૈન વચ્ચે તફાવત છે. બાળકને છીંક આવે ત્યારે 'ગૉડ બ્લેસ યૂ' કરતાં 'ખમ્મા'માં વધુ મજા છે, પોતીકાપણું છે. અંકલ અને આંટી કરતાં, કાકા, કાકી, ફઈ, ફુઆ, મામા, મામી, માસા, માસીમાં વધુ સ્પષ્ટતા છે.

...અનુસંધાન પાના નં. 4 પર

### સિલી પોઈંટ

